# એન્ડ ધીસ દ્રષ્ટિ એવોર્ડ ગોઝ ટુ......!!!

## (સ્ટુડન્ટસ સ્પેશ્યલ)

ન કોઈ રાહ, ન મંઝીલ ન રોશની કા સૂરાગ...... ભટક રહી હૈ અંધેરો મેં જીંદગી મેરી.... ઈન્હી અંધેરોમેં રહે જાઉંગા કભી ખોકર... મૈ જાનતા હું મેરી હમનફસ... મગર યુંહી... કભી કભી મેરે દિલમેં ખયાલ આતા હૈ... જય હાટકેશ ... પ્રણામ... નમસ્કાર.... હું અમિતાભ... આપ સર્વેનું 'દ્રષ્ટિ એવોર્ડ'માં હાર્દિક સ્વાગત કરું છું. !!!

સમુદ્રની લહેરોના ઘુઘવતા નિનાદ જેવા, નાભીમાંથી નીકળતા મંદ સ્વરો સાથે આજના અતિથિ વિશેષ અભિનય સમ્રાટ એવા વાઈબ્રન્ટ ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડરે જયારે ગુજરાત એચ. એસ. સી. બોર્ડના પ્રથમ વિજેતા વિદ્યાર્થીનું નામ જાહેર કરવા રંગમંચ પર પ્રવેશ કર્યો ત્યારે રેસકોર્ષ સ્પોર્ટસ કલબના વિશાળ મેદાનમાં નાખી નજર ન પહોંચે એટલી જબરદસ્ત સંખ્યામાં ઉપસ્થિત જનસમુદાયે પ્રેમાળ હ્રદય અને પોલાદી તાકાતથી તાળીઓનો એટલો તો જોરદાર ગડગડાટ કર્યો જાણે કે ગોવર્ધન પર્વત પર બારે મેઘ ગાંડાતુર થઈને ટુટી પડયા... અને ગડગડાટના આ તોફાનને એક જ આંગળીના ઈશારે અટકાવતા હોય એમ ઓડીયન્સ તરફ અંગુલી નિર્દેશ કરતાં સદીના મહાનાયકે જાહેર કર્યું કે.... એન્ડ ધીસ દ્રષ્ટિ એવોર્ડ ગોઝ ટુ .................... !!!..........!!!............!!! કલમ ... કડછી... બરછી... ના વ્હાલા વાચક વિદ્યાર્થી મિત્રો.... !!!

બંદિશ દેસાઈનાં નમસ્કાર,

આવી રહેલ વાર્ષિક પરિક્ષામાં પ્રચંડ સફળતા સાથે નિર્ધારીત લક્ષ્ય પ્રાપ્ત કરો એવી પરમપિતામહ ભગવાન શ્રી કૃષ્ણને પ્રાર્થના.... નંદકિશોર જયારે નાના હતા ત્યારે તમારી લોકોની જેમ ખૂબ જ નટખટ અને તોફાની હતા.... રાસલીલાનો એક પ્રસંગ છે..... કૃષ્ણ વીરહમાં વ્યાકુળ ગોપીઓ બેભાન થઈને ઢળી પડતી અને જયારે વૈદ્ય, હકીમોના ઉપચાર પણ નિષ્ફળ નિવડતા અને તેઓ જયારે લાચારીથી ના પાડી દેતા ત્યારે કાનુડો આવીને કાનમાં મંત્ર ફુંકે અને ગોપીઓ તરત જ ભાનમાં આવી જતી.... 'કૃષ્ણ મંત્ર' હતો કે 'શરદ પૂનમે રાસ રમવાનું ભાવભર્યું આમંત્રણ છે.....!!!"

રામાયણની મંથરા જેવી એક ગોપીને જાણવાની જીજ્ઞાસા થઈ કે કૃષ્ણ એવો તે શું મંત્ર ફુંકે છે કે ઢીલી થઈને ઢળી પડતી ગોપીઓ ગુલ્ફીની સળીની જેમ ઉભી થઈ જાય છે??? તેથી તેણી બેભાન હોવાનો ડોળ કરીને ઢળી પડી... કાનુડાએ તેની કાનપટ્ટી પકડીને હળવેકથી કહયું કે એક–બે અને ત્રણ ગણું ત્યાં સુધીમાં ઉભી થઈ જજે નહીતર એવા તો ત્રણ જુતા ફટકારીશ કે વૈદ્ય, હકીમ પણ સારવાર કરવાની સ્પષ્ટ ના પાડી દેશે... !!!

મિત્રો, 'વર્ક વ્હાઈલ યુ વર્ક એન્ડ પ્લે વ્હાઈલ યુ પ્લે' ના નિયમમાં માનનારા ભગવાન શ્રી કૃષ્ણ જયારે સાંદીપની આશ્રમમાં ભણવા ગયા ત્યારે એટલું મન લગાવીને વિદ્યા પ્રાપ્ત કરી કે ધર્મ ક્ષેત્રે – કુરૂક્ષેત્રે જગતને શ્રીમદ્ ભગવદ ગીતાનો ગીતાજ્ઞાન રૂપી મહાન સંદેશ પ્રદાન કર્યો... આવા જગત ગુરૂને વારંવાર પ્રણામ સાથે પ્રાર્થના કે તમને પરીક્ષા ખંડમાં મુંઝવતા પ્રશ્નોના ઉકેલ સહજમાં જ પ્રગટવા માંડે અને તમે પણ વિદ્યા પ્રાપ્ત કરીને સમાજને માટે માર્ગદર્શક બનો એવા ભાવ સાથે આજનો લેખ 'સ્ટુડન્ટસ સ્પેશ્યલ' આપને સમર્પીત છે.

સ્વામી વિવેકાનંદે કહયું છે કે તુંજ તારા ભાગ્યનો વિધાતા છે... થોડા સમયથી આપણે અર્ધજાગૃત મનની શકિતઓ વિશે ચર્ચા કરી રહયા છીએં. પોતાની જ અંદર સુશુપ્ત દશામાં રહેલ આ શકિતનો ઉપયોગ

કરીને કઈ રીતે પરીક્ષામાં સફળતા મેળવી અને વિશાળ મેદની વચ્ચેથી મહાનાયકના હાથે એવોર્ડ મેળવી શકાય તેની આજે વિગતવાર ચર્ચા કરીશું.

આજે હું તમને એક સરસ 'ગિફટ' આપી રહયો છું કે જેનું નામ છે. 'વિઝન બોર્ડ'.... આ વિઝન બોર્ડ શું છે? તેના વિશે વિગતવાર ચર્ચા કરતાં પહેલાં થોડું વિઝયુલાઈઝેશન વિશે સમજી લેવું જરૂરી છે. સદીના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈનસ્ટાઈને કહયું છે કે 'ઈમેજીનેશન ઈઝ મોર ઈમ્પોર્ટન્ટ ધેન નોલેજ' (કલ્પના જ્ઞાનથી પણ મહત્વપુર્ણ છે.)

ધારોકે આપણે એક મકાન બનાવવું છે. તો સર્વ પ્રથમ આપણાં મનમાં 'સપનો કા મહેલ' જેવાએ મકાન વિશેનું મનોચિત્રણ કરશું પછી આર્કીટેકની મદદથી નકશો તૈયાર કરીશું અને છેલ્લે સીવીલ ઈન્જીનીયર ધ્વારા સંપૂર્ણ મકાન તૈયાર થશે... આમ મનમાં સૂક્ષ્મરૂપે રહેલ મકાન ધરતી પર વાસ્તવિક આકાર ધારણ કરે છે. વિઝયુલાઈઝેશન એટલે ભવિષ્યની ધટનાને વર્તમાનમાં નિહાળવી... વિઝયુલાઈઝેશન એટલે મનોચિત્રણ, વિઝયુલાઈઝેશન એટલે કલ્પના કે ઈમજીનેશન... કોઈપણ વ્યકિત, વસ્તુ કે ધટનાનું મનમાં તાદ્રશ્ય ચિત્ર ઉભું કરવું એટલે વિઝયુલાઈઝેશન.

શિલ્પકાર, ચિત્રકાર કે કલાકાર વગેરે માટે વિઝયુલાઈઝેશન એમના કામનો મુખ્ય આધાર છે. એક શિલ્પકાર જયારે પથ્થરના અણધડ ટુકડાને જુએ છે. ત્યારે એના માનસપટ પર એક સુંદર મજાની મુર્તિ રચાવા લાગે છે. પોતાની કલ્પના મુજબ તેને ધાટ આપવાનું ચાલુ કરે છે અને જોત જોતામાં એક પથ્થર શિલ્પમાં રૂપાંતરણ પામે છે. કે જેને દેહલાલીત્ય હોય છે, લાવણ્ય હોય છે. ચહેરા પર મંદ હાસ્ય અને આંખો માં ભાવ પણ હોય છે. શિલ્પકાર ધ્વારા મનમાં મુર્તિ રચાવાની આ ક્રિયા એટલે વિઝયુલાઈઝેશન.

મિત્રો, તમારે પણ તમારી કલ્પના ને વાસ્તવીકતામાં પલટાવવી હોયતો ઉપર મુજબ તમારે વિઝયુલાઈઝેશન કરવું જોઈએ. આ માટે તમારે નીચે મુજબ કાર્યવાહી કરવી પડે, સર્વ પ્રથમ તમારે નકકી કરવું પડે કે તમારે શું જોઈએ છે? દા. ત. આગામી પરીક્ષામાં તમે ધારેલ માર્કસ કે જે તમને તમારી મનગમતી કારકીર્દીમાં પ્રવેશ અપાવે ત્યારબાદ એક વિઝન બોર્ડ બનાવો એટલે કે કાગળ કે કાર્ડબોર્ડ ઉપર માર્કશીટની આબેહુબ નકલ બનાવો અને તમે ધારેલ દરેક વિષયના માર્કસ લખો તથા માર્કશીટની અંદરની દરેક માહિતી યોગ્ય રીતે ભરીદો કે જે હકીકતમાં તમને એ માર્કશીટ મળે તો એ જ રીતે વિગતવાર તૈયાર થયેલ હોય... અને છેલ્લે ઓથોરાઈઝડ સીગ્નેચરમાં સહી કરો કે... 'તથાસ્તુ'.... રંગીન સ્કેચપેન વડે સુશોભીત કરીને આબેહુબ લાગતી માર્કશીટ જેવી આ માર્કશીટને તમારા સ્ટડી ટેબલની સામે એવી રીતે લાગવી દો જેથી દિવસમાં વારંવારએ તરફ ધ્યાન જાય.

આ ધટના તમારા અર્ધજાગૃત મનમાં અંકિત થઈ જશે અને જાણ્યે અજાણ્યે તમારા માટે એવા સંજોગોનું નિર્માણ કરશે કે જે તમને શિલ્પકારની જેમ કે સપનો કા મહેલની જેમ કલ્પનાને હકીકતમાં ફેરવી આપશે.

તમે કયારેય કોઈ ખેડુતને બીયારણના દાણા જમીન પર એમને એમ વેરી દેતા જોયો છે ?..... 'ના'... ખેડુત જમીનને ઉંડે સુધી ખેડીને બીયારણ વાવે છે. જમીનમાં ઉપર ઉપરથી વેરી દીધેલ બીયારણમાંથી માંડ થોડુંક જ ઉગે બાકીનું પંખીઓ ચણી જાય. પણ જમીનની ભીતર ભંડારેલ બીયારણમાંથી નેવું થી પંચાણું ટકા ઉગી નીકળે... ઉપર છલ્લી ઈચ્છાઓ કયારેય ઉગતી નથી... એને ખાડો ખોદીને દ્રઢ સંકલ્પ સ્વરૂપે મનમાં ઉંડા સ્તરે જ વાવવી પડે, ઉપરછલ્લી ઈચ્છાઓને આપણી બુદ્ધિ કે તર્ક નામના પક્ષીઓ ચણી જાય છે.

પરીણામ સ્વરૂપે ઉગવા દેતા નથી. અહીં એક દ્રષ્ટાંત કથા ટાંકવાની ઈચ્છા થાય છે...વર્ષો પહેલા ગુરૂ આશ્રમમાં ભણતા વિદ્યાર્થીને ગણીતનો દાખલો ન આવડતા ગુરૂજીએ તેની હથેળીમાં સોટી મારવા માટે ઉગામી..... અને તેના હાથમાં ગેરહાજર વિદ્યાની રેખાને કારણે તેને માફ કર્યો કારણ કે, નસીબમાં વિદ્યા હતી જ નહીં. વિદ્યાર્થીએ કારણ જાણ્યું ત્યારે કલમની ધારદાર અણી વડે હથેળીમાં ઉપરથી નીચે સુધી રેખા ખેંચી અને ગુરૂજીને પ્રશ્ન કર્યો કે હવે??? ગુરૂજીએ કહયું કે હવે તું સદીનો મહાન ગણીતશાસ્ત્રી બનીશ. આજે સેટેલાઈટ ઉપગ્રહ સાથે 'આર્યભટ્ટ' નામના એ મહાન ગણિતશાસ્ત્રીનું નામ જોડાયેલ છે, કે જેણે ગણિતશાસ્ત્રમાં મહાન શોધો કરી છે.

મિત્રો, સ્વપ્ના જુઓ, એને વિઝનબોર્ડ પર અંકિત કરો, દ્રઢ સંકલ્પ સાથે વારંવાર જુઓ અને પછીનું કામ પરમાત્મા સ્વરૂપ અર્ધજાગૃત મન પર છોડી દો કોઈ જાતના ટેન્શન વગર તૈયારી શરૂ કરી દો પરીક્ષા ખંડમાં જે પ્રશ્નોના જવાબ નહી આવડતા હોય તે પણ સમયસર આત્મસ્ફૂરણા દ્વારા ઝબકવા માંડશે અને તમારૂં અર્ધજાગૃત મન તમને ઈચ્છીત મંઝીલ સુધી પહોંચાડી દેશે... તો આપકા સમય શુરૂ હોતા હૈ અબ... !!!

અને છેલ્લે....!!!

**(કાલ્પનીક વાર્તા, ગમ્મત ખાતર... !!!)**

ચંગુ રમવામાં હોંશીયાર અને મંગુ ભણવામાં... તેથી ત્રીજા ધોરણની છ માસીક પરીક્ષામાં મંગુ ને ૧૦૦ માંથી ૩૫ માર્કસ આવી ગયા પણ ચંગુને રમતની વ્યસ્તતાને કારણે ૦૩ માર્કસ આવ્યા... વર્ગ શિક્ષકે પરીણામ પત્રકમાં પિતાની સહી કરાવી લાવવા કહયું. ચંગુએ વિઝનબોર્ડનો આઈડીયા કર્યો પણ ખોટી રીતે... ધારો કે ૩૫ માર્કસ આવ્યા હોય તો માર્કશીટ કેવી લાગે? એમ દલા તરવાડીની જેમ વિચારીને ત્રગડાની પાછળ પોતે પાંચડો મુકી દીધો, પિતાશ્રીએ આંખ મીચીને સહી કરી આપી પણ ગણીતમાં નબળો વિદ્યાર્થી હોવાને કારણે પ્રગતિપત્રક પાછું આપતી વખતે ભૂલી ગયો કે પોતાનો ત્રગડો હતો કે પાંચડો? અને ગોટાળો પહોંચ્યો ગુણવંતરાય માસ્તર પાસે... હેડ માસ્તરને ફરીયાદ થઈ કે માર્કશીટમાં મોટું કૌભાંડ થયું છે... હેડ માસ્તરે કહયું કે બેટા, વિઝનબોર્ડ પરીક્ષા પહેલા બનાવવું જોઈએ... પરીક્ષા પછી નહીં... કેટલા માર્કસ મેળ વવા છે? તેની કલ્પના નકલી માર્કશીટમાં કરવાની હોય.. અસલીમાં તો હકીકત બનીને આવવા જોઈએ.... કંઈ વાંધો નહીં હું તને શીખવું છું... વાર્ષિક પરીક્ષામાં તારે ગણીતમાં કેટલા માર્કસ મેળવવા છે? ચંગુ એ કહયું કે ૧૦૦ માંથી ૩૫ પુરા... !!! હેડ માસ્તરે ગુણવંતરાયને સૂચન કર્યું કે આ ડફોળને ગણીને ૩૫ જુતા ફટકારો જેથી ૩૫નો આંકડો બરાબર યાદ રહી જાય.... ચંગુ એ કહયું કે મહેરબાની ઉપરવાળાની ... બાકી હું તો પુરા ૧૦૦ માંથી ૧૦૦ માર્કસ જ કહેવાનો હતો... !!!



**બંદિશ દેસાઈ (મો : ૯૮૭૯૭૪૫૧૨૨)**

www.bandishdesai.com

મારા લેખને સુંદર પ્રતિભાવ આપી પ્રોત્સાહિત કરવા બદલ હું સર્વે વહાલા વાચક વર્ગનો હૃદયપૂર્વક આભાર માનું છું... સબ કોન્સીયસ માઈન્ડ (અર્ધજાગૃત મન) અને અનકોન્સીયસ માઈન્ડ (અજાગૃત મન) વિષે અમુક મિત્રોને પ્રશ્નો પણ છે. ભવિષ્યમાં લેખ દ્વારા કે રૂબરૂ કાર્યક્રમ દ્વારા આ વિષયવસ્તુની વિસ્તૃત છણાવટ કરીશ.–બંદિશ.

**વિદ્યાર્થી મિત્રો, ઉપરનો પ્રયોગ કરી સારા માર્ક સાથે સફળતા મેળવો તેવી 'બરછી'ની પણ શુભેચ્છા.**

**<u>ચાલો વાસાવડ... ચૈત્ર સુદ આઠમ તા. ૧૧/૪/૧૧ ચાલો વાસાવડ...</u>**

# --- દુર્ગાષ્ટમી મહોત્સવ ---

**વાઘેશ્વરી મંદિર, વાસાવડ, તા. ગોંડલ**

મા વાઘેશ્વરી મંદિરના પુનઃ જીર્ણોધ્ધારના અગીયારમાં વર્ષે નીચે મુજબ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે જેમાં પધારવા જ્ઞાતિજનોને આમંત્રણ છે.

**તારીખ : ૧૧-૪-૨૦૧૧ ચૈત્ર સુદ આઠમ**
**પૂજા પ્રારંભ : સવારે ૮ : ૦૦ કલાકે**
**બીડું હોમવાનો સમય : બપોરે ૧૨ : ૦૦ કલાકે**

**<u>વિશેષ માહિતી માટે સંપર્ક કરો</u> :**
રાજકોટ - સમીર વસાવડા : મો. ૯૯૨૫૦૧૫૮૦૭ / ફોન : ૦૨૮૧-૨૪૭૭૮૪૦
રાજકોટ - વિતેશ વસાવડા : મો. ૯૮૭૯૫૭૨૭૩૨ / ૯૪૨૬૯૬૮૩૬૩
પ્રવિણભાઈ વસાવડા, 'દિલજીત' ૬ કીડવાઈનગર, ૧૫૦' રીંગ રોડ, રાજકોટ.
મો. ૯૯૨૫૮૩૪૨૩૩ ફોન : ૦૨૮૧-૨૫૮૫૧૯૯

**<u>: સાર્વજનિક સૂચના :</u>**

(૧) સંખ્યા મુજબ એક બસ રાજકોટથી જશે..ભાડું રૂા. ૧૨૫/- રાખવામાં આવેલ છે. ભાડાં (નોન રીફંડેબલ) સાથે નામ નોંધવવા પ્રવિણભાઇ વસાવડાનો સંપર્ક કરવો.
(૨) પૂજા વિધિમાં વધારેમાં વધારે ત્રણ વ્યક્તિઓ બેસી શકશે. આ માટે સમીર વસાવડાનો સંપર્ક કરવો. (૩) મહેમાન કક્ષમાં એક નોંધપોથી રાખવામાં આવી છે, તે પૂજારી પાસેથી મેળવી અને તેમાં તમારાં સૂચનો, અભિપ્રાય અવશ્ય આપશો.નોંધપોથી મેળવવાનો આગ્રહ રાખો જે કાયમી ધોરણે ત્યાં રાખવામાં આવેલ છે. (૪) માતાજીને ચરણે રૂા. ૫૧/-થી વધારે રકમ મુકવી હોય તો કાચી પહોંચ પૂજારી પાસેથી માંગો. મોટી રકમ કેશ કાઉન્ટર ઉપર જ આપી પહોંચ મેળવો.

**<u>અન્ય સંપર્ક સ્થળ</u> :**
**અમદાવાદ :** ભરત વસાવડા-૯૪૨૬૪ ૦૮- દેવલ વસાવડા - ૯૯૭૮૮ ૨૮૫૯૯
**વડોદરા :** વીનુભાઈ વસાવડા - ૯૭૨૫૦ ૨૨૪૭૦/ ૦૨૬૫-૨૩૯૩૬૧૨ -
**જૂનાગઢ :** ભવજીત વસાવડા-૯૪૨૭૭ ૩૩૯૦૨ - પરિમલ વસાવડા - ૦૨૮૫-૨૬૫૧૫૩૮.
**<u>વિશેષ માહિતી</u> :** બસ સવારે ૬:૩૦ કલાકે ગીતગુર્જરી સોસાયટી મેઇન રોડ, જૈન ઉપાશ્રય ચોક, રાજકોટ ખાતેથી ઉપડશે. પીક અપ સ્ટેન્ડ (૧) હનુમાન મઢી ચોક (૨) કેકેવી હોલ રહેશે અને આ જ રૂટથી બસ પરત આવશે...સહકારની અપેક્ષા.

**વાઘેશ્વરી પરિવાર**

C/o. **સમીર વસાવડા 'દીનસુમન' ૬૦ નં. પ્રાથમિક શાળા સામે, ૩/૫ અલ્કાપુરી રાજકોટ-૭.**

## શ્રધ્ધાંજલિ એક જીવનસાથી

## અ. સૌ. સ્વ. વર્ષા (ભુવનેશ્વરી) જયંત હાથીને...



**જન્મ : ૨૩/૦૬/૧૯૩૭ અવસાન : ૦૨/૦૧/૨૦૧૧**

ચંડીપાઠના અર્ગલા સ્તોત્રમાં મા શ્રી જગદંબાને પ્રાર્થના છે...

**" પત્નિં મનોરમાં દેહિ મનોવૃત્તાનુસારિણીમ્ ।**
**તારિણીં દુર્ગસંસાર સાગરસ્ય કુલોદ્ભવામ્ । "**

પ્રાર્થનાને સુસંગત એવી જીવનસંગીની મળે એનાથી ઉત્તમ કોઈપણ પ્રાર્થનાની ઉપલબ્ધિ બીજી કઈ હોઈ શકે ?

રાજકોટના વસાવડા સંયુક્ત કુટુંબમાં જન્મ. રાજકોટના ડો. નરેન્દ્ર આર. વસાવડાનાં બહેન. પિતાની છત્રછાયા બહુ નાની ઉંમરે ગુમાવી એટલે સંયુક્ત કુટુંબની સંપૂર્ણ જવાબદારીનો અહેસાસ પૂરો. લગ્ન પણ થયાં શ્રી વિશ્વનાથ હાથી પરિવારના સંયુક્ત કુટુંબમાં, ૧૯૬૨માં એટલે સંયુક્ત કુટુંબની દીકરીને સંયુક્ત કુટુંબમાં ભળી જતાં વાર ન લાગી. સાસુ સસરાના ચાર હાથ. વર્ષા વગર ન ચાલે.

આદર્શ પ્રેમાળ પત્નિ કુશળ ગૃહિણી, કુટુંબવત્સલ વહુ મિલનસાર, લાગણીસભર સેવાભાવિ સ્વભાવ. માતા દિનુબેનની તાલિમ, કેળવણી અને સંસ્કારની સુવાસ શ્વસુરગૃહે પણ પ્રસરાવી, કુટુંબસેવાએ એમનો જીવનમંત્ર જે છેક સુધી નિભાવ્યો. અમદાવાદની રહેણાક એટલે કુટુંબની કોઈપણ વ્યક્તિની માંદગી વખતે સુશ્રુષામાં ખડે પગે હાજર.

દિવાળીમાં મોહનથાળ અને શિયાળામાં અડદીયા અને મેથીની ખાસ રાહ જોવાય.મારા સાઢુ ભાઇ વડોદરાથી નીકળે ત્યારે ફોન કરે, "નાની માસી" આજે તુવેરની દાળ બનાવજો. મહેમાનગતિમાં એમના દિલની લાગણીઓનો સ્વાદ કદાચ રસોઈને વધુ સ્વાદિષ્ટ બનાવતો હશે એમ માનું તો કંઈ ખોટું નથી.

કુટુંબની સેવાનો ભેખ ધરનારને પથારીવશ થયા પછી, સેવાની જરૂર પડીત્યારે એ ફરજ બજાવી પુત્ર ગૌરવ અને પુત્રવધૂ રાખીએ, અને દેર દિનેશભાઈએ ખાસ હવાફેર માટે મુંબઈથી પાલનપુર બોલાવ્યાં. વિધિનું વિધાન કે જે ઘરમાં ચૂંદડી ઓઢીને આવેલાં એ જ ઘરમાંથી ચુંદડી ઓઢીને વિદાય લીધી...કેવો યોગાનુયોગ ?

એમનું જાજરમાન વ્યક્તિત્વ અને સાલસ સ્વભાવ કુટુંબીજનો અને સંબંધીઓની સ્મૃતિમાં કાયમ રહેશે.

## પુસ્તકની દુનિયા :

આજે 'બરછી'ને ગૌરવ થાય એવા બે કાવ્યસંગ્રહો અવલોકન માટે મળ્યા છે તેને વિશે, અને તેના નિમિત્તે પુસ્તકોની અદ્દ્ભૂત સુંદર દુનિયા વિશે રસિક વાચકો સાથે વાતો કરવી છે...

દોસ્તો, પુસ્તકોની ગ્રંથોની પણ એક અનોખી દુનિયા છે, આપણું જે કંઈ સંસારજીવન છે, તે કેવું ગંદુ, સાંકડું, લડાઇ ઝઘડાથી ખરડાયેલું અને તેથી ગમગીન અને બેનૂર છે તેનો તો તમને અનુભવ હશે. તેની પડખે જ કલા - સંગીત-સાહિત્યની નિરાળી દુનિયા છે જેમાં શાંતિ છે,ભાવ છે, કલ્પના છે, વિચારનો પ્રકાશ છે અને તેથી તેમાં ડૂબકી દેવાથી પરમ આનંદનો સાક્ષાત્કાર થાય છે એટલું જ નહિ, આપણું રોજનું જે ખટપટિયાળું જીવન છે તેમાં મોજ-મસ્તીથી સમજથી જીવવાની ચાવી પણ મળે છે. જરૂર છે રેઢિયાળ અખબારો અને રદ્દી ટી.વીને અપાતા સમયમાં કાપ મૂકી રોજ દોઢ બે કલાક ઉત્તમ પુસ્તકોમાં પ્રવેશવાની.

તો આવી મજેદાર તક આપવા બદલ પ્રથમ તો આ બે કાવ્ય સંગ્રહો મોકલનાર તેના કવિ નીતિન મહેતા અને તેમના સહૃદય બંધુ સિધ્ધાર્થ મહેતાનો આભાર માનું છું અને દરેક જગ્યાએ અવારનવાર પોતાની છપાતી કવિતા દ્વારા પોતાને કવિ સમજતા સજ્જનોને આમાંની કવિતા વાંચવા ભલામણ છે. કવિતા એ કેવી નમણી,લજામણી છતાં છટકણી બલા-અબલા છે અને હૃદયને કેવું વીંધે છે તેનો ખ્યાલ આવશે.

કવિતા કોઈ રચી શકે નહિ, ખરેખર તો કવિતા દેવી કોઈનામાં પ્રવેશી એને રચવા મજબૂર કરે છે. કવિ પાસે પોતાનો ગહન નિજી અનુભવ હોય, નોખી જીવનદ્રષ્ટિ હોય, પોતાનો સ્વતંત્ર મિજાજ હોય અને ભાષાના અપૂર્વ પ્રયોગની સજ્જતા હોય તો તે કાવ્યભક્ત થયો કહેવાય.અને તો કદાચ કાવ્યદેવી તેના પર રીઝી પતંગિયું બની કાગળ પર રંગ રેલાવે...નીતિન આવા સજ્જ અને સંપન્ન સર્જક છે એટલે તો ઘણી વાર કવિતા તેમના પર વરસી પડી અનુભવાય છે-અને એટલે જ ગુજરાતી સાહિત્યના રમેશ પારેખ પછીના નવ કવિઓમાં તેમને મોખરાનું સ્થાન મળ્યું છે. તેમનો પ્રથમ સંગ્રહ 'પગલાંમાં ઊગ્યું આકાશ' ૧૯૮૭માં અને બીજો 'કોડિયાંમાં સૂરજદેવ ઊગ્યા' ૨૦૧૦માં મુંબઈથી છપાયા છે. આ બંનેમાંની આશરે ડબલ સેન્ચ્યુરી કૃતિઓમાં નીતિનની બળવાન સંવેદના ખાસ કરીને વિષાદ અને શ્રધ્ધાની તથા રજૂઆતનું ચારુત્વ (બહુધા પ્રયોગશીલ) પ્રભાવિત કરે છે. જુઓ-

કમખાની કસ ગઈ છૂટી
ને વ્હેતા પવનનવ વાગી હળવાશ મુને એવી
હું તો કળીએ કળીએ જ ગઈ તૂટી
પછી છાતીમાં ઊછળીને દરિયાએ લૂટી.

વાત છે યૌવનના પ્રથમ અનુભવની પણ એનું રૂપ કેવું મોહક છે ! નીતિનનો સ્થાયીભાવ કરૂણ છે...

પાંખો ફૂટીને જ્યાં ઊડવા મથું...ત્યાં કોઈ મારા હકકનું આકાશ ગયું છીનવી.

કવિની એક વ્યકિતગત વેદના છે. (દરેકની હોય) તેઓ નાનપણથી અપંગ છે. ઘોડીનો આધાર જરૂરી બન્યો. પણ સ્ટ્રગલ કરી હિંમત ભરી પછી તો ઘણી પ્ર-ગતિ કરી. સેન્ટ્રલ બેંકના બાહોશ અધિકારી ર્ક્યા. છતાં લાચારી વળગેલી રહી, તેનો અહેસાસ આ કાવ્યોમાં પ્રચંડપણે થાય છે. આ અંગ-ગત વ્યથા કેટલીકવાર વ્યાપક માનવ સંવેદના બનીને વિલસે છે પણ કયારેક તે વ્યકિતગત ફરિયાદ બની રૂંધાઈ જાય છે. ભાઈ નીતિન, તમારી મનોદશા જરૂર સમજાય છે પણ ભાવાત્મક રીતે એને તમે અતિક્રમો અને બિનંગત તટસ્થતાથી અસ્તિત્વની વ્યાપક ગતિવિધિનું આકલન કરો અને પ્રસાદ અનુભવી શબ્દરૂપે અમારા દિલોદિમાગ સંતર્પો એવી પ્રાર્થના. વેલડન, મિત્ર !

- મહેશ ધોળકિયા,રાજકોટ.

# વરિષ્ઠ જ્ઞાતિજનોનો કેરાલા પ્રવાસ

આહો ! કેરાલા કેરાલા એટલે કુદરતના કરિશ્માનો પ્રદેશ. કુદરતે છૂટે હાથે કરી સુંદરતાની લ્હાણી, ટેકરીઓ, લીલાછમ વૃક્ષો સરિતાઓ, સાગરની લહેરો, હાથીઓ અને જંગલી પાડાઓ તથા નાઈજીરીયન ઘેટાં અને એવાં વન્ય પ્રાણીઓ સાથે વિવિધ રંગબેરંગી દેશી વિદેશી પક્ષીઓનો સ્વર્ગસમાન પ્રદેશ એટલે કેરાલા..તેથી અહીં માટે કહેવાયું છે કે Experience vibrations of nature and land of God's beauty!

આવા અદ્‌ભૂત કેરાલાના પ્રવાસનું તા. ૨૨-૧-૧૧થી ૩૧-૧-૧૧ સુધી અ. ભા. ના. પરિષદ રાજકોટ દ્વારા આયોજન કરવામાં આવેલ. જેમાં રાજકોટ, જૂનાગઢ, ગોંડલ, ભાવનગર, અમદાવાદ, વડોદરાથી કુલ ૭૬ બંધુઓ સામેલ થયેલ.કુલ ૧૦ દિવસના આ પ્રવાસ દરમ્યાન સૌએ સાથે મળી સહપ્રવાસ, વિધવિધ નાસ્તા,ભોજન તથા ભજનો, ગીત-સંગીત, અંતાક્ષરી વગેરેનો આનંદ માણેલ.

વરિષ્ઠ જ્ઞાતિબંધુઓનો સમુદાય તા. ૨૨/૧ના રોજ રાજકોટ ખાતેથી સવારે ૬:૪૫ કલાકે સુર્યદેવની સ્તુતિ અને જય હાટકેશના નાદ સાથે ઓખા એર્નાકુલમ એકસપ્રેસમાં રવાના થયેલ. તા. ૨૩/૧ રાત્રીના ૧:૩૦ વાગ્યે એર્નાકુલમના જોડીયા શહેર કોચીનના રીસોર્ટ ખાતે પહોંચ્યા.

તા. ૨૪/૧ના રોજ ચાઈનીસ ફીશીંગ નેટ, ભારતના પૂરાણપ્રસિધ્ધ ચર્ચ અને ડચ પેલેસની મુલાકાત લીધી. આ ઉપરાંત ત્યાંના એક જૈન મંદિરમાં અસંખ્ય ભકતો પ્રદક્ષિણાનું નવલું દ્રશ્ય નિહાળવા મળ્યું, તો ભારતના હિન્દુ ધર્મના જ્યોતિર્ધર આદિ શંકરાચાર્યના જન્મ સ્થળ કાલાડસ શહેર સ્થિત 'શ્રૃંગેરી મઠ'ના દર્શને ગયાં, જો કે આ વિભૂતીના જન્મ પ્રદેશ કેરાલામાં આજે ક્રિશ્ચીયન ધર્મની બોલબાલા છે !!

તા. ૨૫/૧ના રોજ આશરે ૩૮૦૦' ઉંચા લીલાછમ વૃક્ષો-ફૂલોથી આચ્છાદીત ટેકરીઓ ચોમેર ચાના બગીચા વડે શોભતા મુન્નાર હીલસ્ટેશન ખાતે હોટલ બેલટાઉન ખાતેના ઉતારે પહોંચ્યા. તા. ૨૬/૧ના રોજ મુન્નારથી થોડે દૂર રાજા મલાઇ પર્વતમાળાની મુલાકાત કરી જ્યાં જંગલી નાઈજીરીયન ઘેટાં નિહાળવા મળ્યાં. ઉપરાંત મટ્ટુપટ્ટી ડેમની મુલાકાત પણ લીધી.

તા. ૨૭/૧ થેકડી નજીકના ગામ કુંમલીમાં હોટલ વુલેન્ડ ખાતે પહોંચ્યા. આ પણ અતિ સુંદર ૩૨૦૦' ઉંચું પર્વતીય શહેર છે. ત્યાં ચાના બગીચા ઉપરાંત લવિંગ, તજ, એલચી, જાયફળ, મરી જેવાં મેજાનાના બગીચા જોવાનો લ્હાવો લીધો. પેરીયાર લેન્ડ ખાતે ગાઢ જંગલો અને કોતરો વચ્ચે સૌએ નૌકાવિહારની મોજ માણી. જ્યાં હાથીઓ, દેશી વિદેશી પંખીઓ,જંગલી પાડાઓ અને વનરાજી નિહાળ્યાં.

તા. ૨૮/૧ના રોજ સૌ થેકડીથી એલ્લપી પહોંચ્યા. હોઠલ પાડીપૂરમ ખાતે મુકામ કરી, બેકવોટર એટલે નદીનો સાગરસમો વિશાળ પટ અને તે ઉપર આવેલાં મકાનો-દુકાનો અને સીટી બસની જેમ ચાલતી સીટી બોટનો નૌકાવિહાર કર્યો.

તા. ૨૯/૧ પહોંચ્યા..કેરાલાના પાટનગર ત્રિવેન્દ્રમ. જેને હવે થીરૂવનપૂરમ કહેવાય છે. અહીં ભારતનું આશરે ચાર હજાર વર્ષ અતિ પૂરાણુ 'પદ્મનાભ' વિષ્ણુ મંદિરે પહોંચ્યાં. જ્યાં પુરૂષોએ ધોતીયું કે અબોટીયું અને બહેનોએ સાડી પહેરવાના હતાં. ત્રિવેન્દ્રમ ખાતે રેલ્વે સ્ટેશન પાસે હોટલ સીલ્વરસેન્ડમાં મુકામ કરી બજારની મુલાકાત લીધી.

તા. ૩૦/૧ના રોજ સૌ કન્યાકુમારી ઉપડયા..સમુદ્ર ત્રિભેટના રમણીય સ્થાનની મુલાકાતે.ત્યાં 'વિવેકાનંદ રોક'ની મુલાકાત લીધી. આ કન્યાકુમારી પાર્વતીજી માટે કહેવાય છે કે શિવજીને પ્રાપ્ત કરવા તેઓએ એક પગે ઉભી કઠોર તપ કરેલું. આ સફર દરમ્યાન જતાં ત્રણ હજાર વર્ષ પૂરાણા અતિ ભવ્ય 'સચિન્દ્રમ' વિષ્ણુ મંદિરના દર્શન કર્યા. જ્યાં હનુમાનજીની વિરાટ મૂર્તિ પણ છે અને ભારતભરમાં

એકમાત્ર અર્ધનર-નારી સ્વરૂપ ગણેશજી પણ બીરાજમાન છે. વળી સમુદ્રની છીપ,શંખલાં માંથી તૈયાર કરેલ અતિ ઊંચો નંદી પણ અહીં છે. આ મંદિરની વિશેષ અને ઉલ્લેખનીય અદ્‌ભુત બાબત એ છે કે છ ઈંચ ડાયામીટરના નકકર પથ્થરના દસ સ્તંભ છે જેના પર હાથ મારવાથી 'સારેગમ...'ના ધ્વનિ સાંભળ વા મળે છે. જેનો પ્રયોગ પણ ગાઇડે કરાવી આપ્યો. ત્યાંથી 'કોવાલમ'ના સાગર કિનારે સૌ ગયા. પ્રવાસના અંતિમ ચરણોને બીરદાવતાં રકતતેજી બની આથમતાં સૂરજદેવનાં દર્શન થયાં...આમ સૂર્યદેવની ઊગતી પ્રભાત પ્રવાસની સાક્ષી હતી તો પ્રવાસનો અંત પણ આથમતા સૂર્યદેવની સાક્ષીએ કર્યો.

તા. ૩૧//૧ના રોજ બપોરે ૩:૧૫ ત્રિવેન્દ્રમ-વેરાવળ એકસપ્રેસમાં સમુદાય પરત ફરવા ઉપડયો. તે પહેલાં લગભગ ૪૫ મીનીટ સુધી બહેનોએ ફરતા ગરબાની રમઝટ દ્વારા અન્ય રાજ્યમાં ગુજરાતની સંસ્કૃતિની ઓળખ આપી. આલેખન-પ્રવાસી : જસમીન દેસાઈ, રાજકોટ.

## શ્રી સમસ્ત નાગર વિદ્યાત્તેજક મંડળ, જૂનાગઢ

અત્રેની ઉપરોકત સંસ્થાના બાળકોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ દેખાવ કરી જ્ઞાતિને ગૌરવ પ્રદાન કરેલ છે.

તા. ૨૦/૧/૧૧ના રોજ યોજાયેલ 'વાંચે ગુજરાત સ્પર્ધા'માં કુ. રાધા રાજીવ મહેતા તથા વડોદરા સ્થિત મૈત્રેય ચિરંતન ત્રવાડીએ ભાગ લઈ અનુક્રમે પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવેલ. તે બંને હવે 'વાંચે ગુજરાત'ની રાજ્ય કક્ષાની ચિંતન શિબીરમાં ભાગ લેવા ગાંધીનગર જશે. તા. ૨૧//૧ના રોજ વિશ્વ સંસ્કૃત પ્રતિષ્ઠાન જૂનાગઢ દ્વારા યોજાયેલ સંસ્કૃત સ્તોત્ર સ્પર્ધામાં ૪૦ બાળકો માંથી કુ. રાધા રાજીવ મહેતા-પ્રથમ, કુ. કક્ષા કુમાર ધોળકિયા-દ્વિતીય, પ્રીત બી. આચાર્ય-ત્રીજું, આયુષ અજય વૈશ્નવ-ચોથું, અશિતિ ડી. વોરાએ પાંચમું સ્થાન મેળવ્યું હતું.તા. ૨૮-૨૯ રાજકોટ ખાતે ગુજરાત સરકાર દ્વારા આયોજીત ઝોન કક્ષાના બાળ પ્રતિભા શોધ મહોત્સવમાં એકપાત્રીય અભિનયમાં કુ. રાધા રાજીવ મહેતાએ પ્રથમ સ્થાન, વકૃત્વ સ્પર્ધા અ-વિભાગ ભવન ટી. જીકાર-પ્રથમ, બ-વિભાગ વ્યોમ એ. માંકડ પ્રથમ, લોકગીત-શ્રેષ્ઠા એચ. નાણાવટી-દ્વિતીય, ભજન-વ્યોમ એ. માંકડ-તૃતીય, સર્જનાત્મક કારીગીરી કેદાર બી. બુચ-દ્વિતીય મેળવી રાજ્યકક્ષાએ ભાગ લેવા ગાંધીનગર જશે.

દરેક સ્પર્ધામાં શ્રીમતી મોક્ષા કે. દેસાઈ, શ્રીમતી ઝરણા એન. વસાવડા, કુ. પ્રચેતાબેન એ. વોરાએ માર્ગદર્શન આપ્યું હતું. મંડળના કાર્યકરો તથા વાલીઓનો તેમજ રાજકોટ ખાતે પણ શ્રી ચેતનભાઇ છાયા તથા અનીલભાઇ કિકાણી તથા અન્ય જ્ઞાતિબંધુઓનો સૌજન્યપૂર્ણ સહકાર સાંપડયો હતો.

આ ઉપરાંત રાજ્ય કક્ષાની માસ્ટર એથ્લેટીક સ્પર્ધામાં નીચે મુજબના સિનિયર સીટીઝન-પ્રૌઢ બંધુઓને ઉત્કૃષ્ઠ દેખાવ કરી મેડલો મેળવ્યા હતા.

સર્વશ્રી જે. બી. માંકડ- વર્ષ ગ્રુપ-૭૦, ૫૦૦૦ મીટર ઝડપી ચાલ તથા ગોળા ફેંકમાં સિલ્વર મેડલ, બળ ભદ્રભાઈ વૈશ્નવ-૬૫-હેમર થ્રો, ગોળાફેંક, ચક્ર ફેંક-બ્રોન્ઝ મેડલ, જાગૃતિબેન વૈશ્નવ-૬૦, હેમર થ્રો ગોલ્ડ અને ગોળા ફેંક, ચક્ર ફેંકમાં સિલ્વર, રશ્મિબેન પંચોળી-૪૦- ટ્રીપલ જંપ,૪૦૦મી. દોડ-ગોલ્ડ મેડલ અને લોંગ જંપ-સિલ્વર, સંદીપ વસાવડા-૫૦-૪૦૦ મી. હર્ડલ ગોલ્ડ, ૧૦૦મી. હર્ડલ-સિલ્વર, જિજ્ઞાશા વસાવડા-૪૫-ગોળા ફેંક-ગોલ્ડ, હેમર થ્રો-ચક્ર ફેંક સિલ્વર, જીતેન્દ્ર ઝાલા-૫૦-ગોળા ફેંક-બ્રોન્ઝ, મયંક વૈદ્ય-૫૦-હાઇ જંપ ગોલ્ડ મેડલ. આ દરેક સ્પર્ધકો રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા ચંદીગઢ જશે.

ઉપરોકત તમામ સ્પર્ધામાં શ્રી લુપેન્દ્રભાઇ જોષીપુરાએ રેફરી તરીકેની ફરજ બજાવેલ.

# -- લગ્ન વિષયક જાહેરાત -

(ફોન નંબર મેળવવા સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન ૦૨૮૧-૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરશો.)

(૧) ગ્રેજ્યુએટ, (યુ.એસ.એ.)જ. ૧૧/૧૯૮૨ ઉંચાઈ ૫'.૯" /૬૩ અમેરીકા ખાતે કાયમી સરકારી નોકરી કરતા યુવકને યુ.એસ. સીટીઝન ત્યાં જવા ઈચ્છુક કન્યા. સંપર્ક ૦૨૮૧-

(૨) બી.કોમ.,એલએલ.બી., જ. ૮/૧૯૮૪ ઉંચાઈ ૫'.૩"/૫૫ કોર્ટમાં આસીસ્ટન્ટ તરીકે કાયમી નોકરી કરતા શાર્કવસ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૫-

(૩) એમ.કોમ.(ચાલુ), જ. ૨/૮૯ ૫'.૨" ઉંચાઈની કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(૪) એમ.કોમ., જ. ૬/૮૭, ૫'.૫" ઉંચાઈની મેડીકલ ટ્રાન્સકીપ્શનર તરીકે નોકરી કરતી કન્યાને યુવક.

(૫) બી.ઇ. (મીકે.) એમ.બી.એ.,જ. ૨૪-૯-૮૩, ૫'.૧૧" ઉંચાઇના સુરત ખાતે નોકરી કરતા યુવકને યોગ્ય સમકક્ષ કન્યા. સંપર્ક : ૦૨૬૧-મો.

(૬) એમ.કોમ.(પા.૧), પીજીડીઆઇટી, જ. ૮/૧૯૮૪, ઉંચાઈ ૫' ઔક્ષણસ ગોત્રની નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૭) બી.એસ.સી., આર્કી.એન્ડ એન્જી.થ્રીડી એનીમેશન, જ. ૧૦/૧૯૮૩, ઉંચાઈ ૫'.૯" મુંબઇ ખાતે સ્વતંત્ર વ્યવસાય કરતા માંગલિક વિસનગરા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૨-મો.

(૮) ડીપ્લોમા એન્જી. (ઈલે.) જ. ૮/૧૯૭૭ કન્યાને યોગ્ય સમકક્ષ યુવક. સંપર્ક મો.

(૯) એમ.કોમ., એમ.બી.એ., જ. ૨/૧૯૮૩ ઉચાઈ ૫'.૪" બેંકીંગ સર્વિસ કાશ્યપ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : મો.

(૧૦) એમ.કોમ., એમ.બી.એ., જ. ૧૨/૧૯૮૨ ઉચાઈ ૫'.૮" બેંકીંગ સર્વિસ પાણ્યાનસ ગોત્રના માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૧૧) બી.કોમ., જ ૧૦/૮૫ ઉંચાઈ ૫'.૩" સરકારી નોકરી કરતા યુવકને કન્યા સંપર્ક :

(૧૨) એમ.કોમ. પા.-૨ જ. ૨/૧૯૮૯ ઉંચાઈ ૫'.૨" કાશ્યપ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(૧૩) ધો. ૧૦ બાદ આઇટીઆઇ કરેલ જ. ૨/૧૯૮૧, ઉંચાઈ ૫'.૫"/૮૦ કિ.ગ્રા. સરકારી નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૭૮-

(૧૪) એમ.ડી. (ફીઝીશ્યન) જ. ૧૧/૧૯૮૨, ઉંચાઈ ૫'.૮"/૬૧ કિ.ગ્રા. યુ.કે. ખાતે નોકરી કરતા યુવકને સમકક્ષ કન્યા. સંપર્ક : ૦૨૬૫-

## ----- સગપણ સગાઈ -----

✲ જામનગર સ્થિત જગદીપભાઈ ચુનીલાલ માંકડનાં પુત્રી રિદ્ધિનું સગપણ મુંબઈ સ્થિત ગીરીશભાઈ ભાસ્કરભાઈ મારૂના પુત્ર સિધ્ધાર્થ સાથે.✲ભુજ સ્થિત અદિતી તુષારભાઈ હાથીનું સગપણ જૂનાગઢ નિવાસી વિરાટ જયપ્રકાશભાઈ માંકડ સાથે. ✲ જૂનાગઢના પ્રદીપભાઈ ગિરીશચંદ્ર અવાશીયાનાં પુત્રી નૂપુરનું સગપણ જૂનાગઢ ના આશુતોષભાઈ ધનવંતપ્રસાદ બુચના પુત્ર કૃતેશ સાથે. ✲ જૂનાગઢ સ્થિત ચિંતન હરીશભાઈ વૈશ્નવનું સગપણ ભાવનગરનાં દીશા ભૂપેન્દ્રભાઈ ભટ્ટ સાથે. ✲ ભુજના વિરેન્દ્ર એચ. અંતાણીના પુત્ર કૃપલનું સગપણ ભુજના સ્વ. અશ્વિન અંજારીયાનાં પુત્રી દીપા સાથે. ✲ મેલબોર્ન સ્થિત ડો. યાત્રીક સનતભાઈ વસાવડાનાં પુત્રી પ્રતિચીનું સગપણ અમદાવાદ સ્થિત દેન્દ્રભાઇ રમણીકભાઈ માંકડના પુત્ર આશિષ સાથે. (માધ્યમ બરછી) ✲ ધુવારણ સ્થિત ધુવારણ સ્થિત રાજેન્દ્ર નવીનચંદ્ર દેસાઈનાં પુત્રી અશ્મિનું સગપણ ગાંધીધામના સ્વ. અશ્વિનભાઈ જે. વૈશ્નવના પુત્ર અલ્પેશ સાથે.(માધ્યમ બરછી) ✲ભાવનગરના કનકરાય પ્રેમસુખરાય છાયાનાં પુત્રી નમ્રતાનું સગપણ ભાવનગરના પ્રશાંતભાઈના પુત્ર દર્શક સાથે.

## શ્રી રશ્મિનભાઈ છાયાની હાઈકોર્ટ જજ તરીકે નિયુક્તી



વેરાવળના ખ્યાતિપ્રાપ્ત ધારાશાસ્ત્રી સ્વ. શ્રી મનહરરાય છાયાના પુત્ર શ્રી રશ્મિનભાઈ છાયાની ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે નિયુક્તી કરવામાં આવી છે. તેઓ લાંબા સમયથી ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ તરીકે પ્રેકટીસ કરી રહયા હતા. તેઓના કાકા શ્રી કપિલભાઈએ પણ હાઈકોર્ટમાં સરકારી વકીલ તરીકે દીર્ઘકાલીન સેવાઓ આપેલ.શ્રી રશ્મિનભાઈ જૂનાગઢના શ્રી અચ્યુતભાઈ બુચના જમાઈ છે.

સ્વચ્છ પ્રતિભાવાન, તટસ્થ ન્યાય તોળનાર વ્યક્તિઓની આજે ન્યાયતંત્રમાં જરૂર છે ત્યારે આવા, અનુભવી રશ્મિનભાઈની નિમણુંકથી જ્ઞાતિ ગૌરવ અનુભવે છે. અભિવંદન.

## કરાટે કવીન ચિ. ત્વિષા અવાશીયા

જામનગર સ્થિત શ્રી હસીતભાઈ અને શ્રીમતી લ્હેરીબેન (જૂનાગઢના જ્ઞાતિ સેવક બરછી પ્રતિનિધિ શ્રી વિમલભાઇ વોરાનાં પુત્રી) અવાશીયાનાં પુત્રી કુ. ત્વિષાએ માત્ર ૧૧ વર્ષની વયે કરાટેની પરીક્ષામાં સફળતા મેળવી 'બ્લેક બેલ્ટ' મેળવ્યો. આ ઉપરાંત ચિત્રકલામાં નિપૂણ ચિ. ત્વિષાએ શહેર ચિત્ર સ્પર્ધામાં 'ખીજડીયા પક્ષી અભયારણ્ય'નું આબેહૂબ ચિત્ર દોરી દ્વિતીય ઈનામ મેળવ્યું. તેણી 'કેશીયો' વગાડવામાં પણ પ્રવિણ છે. અત્રે નોંધ લેવી ઘટે કે માતા શ્રીમતી લ્હેરીબેન પણ ચિત્રકામમાં પ્રાવિણ્ય ધરાવે છે તેમના પેઈન્ટીંગ મુંબઈની આર્ટ ગેલેરીમાં પ્રદર્શનમાં મૂકાય છે અને શોખીન લોકો ખરીદે પણ છે.

કલા ઈશ્વરી બક્ષીસ છે ત્યારે પુત્રી-માતાને અભિનંદનકલાત્મક જીવનની શુભકામના પાઠવીએ.

## નિસર્ગ દેસાઈએ લો યુનિવર્સિટીમાં મેળવ્યા...બે ગોલ્ડમેડલ



રાજકોટના યુવાન ધારાશાસ્ત્રી નિસર્ગ દેસાઈને તાજેતરમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી દ્વારા યોજાયેલ બીજા પદવદાન સમારંભમાં એલએલ.બી.,-ઓનર્સ-નો અભ્યાસ પ્રથમ વર્ગ સાથે પૂર્ણ કરતાં તેઓને સર્વોચ્ચ અદાલતના જસ્ટીસ એ. આર. દવેના હસ્તે ડીગ્રી એનાયત કરવામાં આવી હતી. તે દરમ્યાન ૨૦૧૦માં લો ઓફ કોર્ટમાં 'આઉટસ્ટેન્ડીંગ પરફોર્મન્સ' બદલ ગોલ્ડમેડલ આપી સન્માનિત કરવામાં આવેલ હતા. આ ઉપરાંત આ વર્ષ દરમ્યાન ઓલ્ટરનેટીવ ડીસ્પ્યુટ રીસોલ્યુશન : મીડીએશનના : વિષયમાં પણ આવીજ સિધ્ધિ બદલ સ્વ. કુમાર બેનરજી ગોલ્ડમેડલ એનાયત કરવામાં આવેલ હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ભાઈ નિસર્ગ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૮૪% સાથે ઉત્તીર્ણ થઈ બી.એસસી.,ના અભ્યાસ બાદ ગાંધીનગર ખાતે ૨૦૦૩માં સ્થપાયેલ ગુજરાત લો યુનિ.ના પાંચ વર્ષના 'ઈન્ટીગ્રેટેડ કોર્ષમાં જોડાયેલ હતા.

રાજકોટના આ યુવાન ધારાશાસ્ત્રીએ પોતાના પાંચ વર્ષના આ અભ્યાસ દરમ્યાન અનેક મૂટકોર્ટ કોમ્પ્યુટેશનમાં ભાગ લઈને ઉચ્ચ સ્થાન મેળવેલ છે,અને તે દરમ્યાન હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટમાં ઈન્ટર્નશીપ કરેલ છે. તેઓએ ન્યુયોર્ક-અમેરીકા ખાતે સ્પર્ધામાં પણ ભાગ લીધેલ છે તેમજ સ્વીત્ઝરલેન્ડ ખાતે એન્વાયરમેન્ટ ઉપર એક માસની તાલીમ મેળવેલ છે.

ઓકટોબર-૨૦૧૦માં બાર કાઉન્સીલ ઓફ ગુજરાત દ્વારા તેઓને સનદ આપવામાં આવતાં હાલમાં તેઓએ હાઈકોર્ટના સીનીયર કાઉન્સીલ 'નાણાવટી એસોસીએટસ'માં જોડાઇને પ્રેકટીસ શરૂ કરેલ છે.તેઓના પિતા રાજકોટ ખાતે પ્રેકટીસ કરે છે અને માતા નયનાબેન ગુજરાત સરકારમાં ફરજ બજાવી રહયાં છે. અભિનંદન સહ ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામના.

## વર્લ્ડકપમાં નિયુકત થતા શ્રી શિરીષ બુચ



સૌરાષ્ટ્રના ભૂતપુર્વ રણજી ટ્રોફી ખેલાડી તથા બેંક ઓફ ઈન્ડીયાના નિવૃત્ત અધિકારી શ્રી શિરીષ બુચની BCCI દ્વારા ICC વર્લ્ડકપમાં આર્યલેન્ડના લાયેઝન ઓફીસીયલ તરીકે નિયુકતી કરવામાં આવેલ છે. તેઓ આયર્લેન્ડની ટીમ સાથે નાગપુર, બેંગલોર, મોહાલી તથા કલકત્તાનો પ્રવાસ ખેડશે. આ અગાઉ પણ આઇપીએલ તથા ચેમ્પીયન્સ લીગમાં લાયેઝન ઓફીસર તરીકે તેઓએ સફળ સેવા આપેલ છે. શ્રી બુચ સૌરાષ્ટ્ર ક્રિકેટ અસોસીએશનની સીલેકશન કમીટીના સભ્ય પણ છે.

શ્રી શિરીષ બુચ જામનગરના સ્વ. જયંતિલાલ ડી. બુચના પુત્ર અને સ્વ. શાંતિભાઈ મ. ધોળકિયા ના જમાઇ થાય. વિશ્વ કક્ષાની મહત્વની આ ટુર્નામેન્ટમાં આવી ઉપલબ્ધિ કુટુંબ અને જ્ઞાતિ માટે ગૌરવપ્રદ છે. શુભેચ્છા સાથે વધાવીએ.

## શ્રી જાગૃતિબેન સી. ખારોડ ચેરિટેબલ ટ્રસ્ટ, જૂનાગઢ

જ્ઞાતિના વિદ્યાર્થીઓ ઈન્ટરનેટ ટેકનોલોજી સાથે તાલ મિલાવી શકે તેવા આશયથી શરૂ કરાયેલ સુ. શ્રી. જાગૃતિબેન સી. ખારોડ આઇ.ટી. એજ્યુકેશન એન્ડ કોમ્યુનિકેશન ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે બે સુંદર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રથમ ચરણમાં તા. ૮ જાન્યુઆરીના રોજ ટ્રસ્ટનાં સેટેલર અને રૂા. એકલાખનુ અનુદાન આપનાર જાગૃતિબેન ખારોડની 'ષષ્ઠીપૂર્તિ'ની ઉજવણી કરવામાં આવી. હાટકેશ શિવાલય ખાતે મ્યુઝીકલ જલ્સો વીથ ડીનરનો સૂરીલો અને સ્વાદીષ્ટ ઉપક્રમ યોજાયો. ટ્રસ્ટ પ્રમુખશ્રી સંજીવ મહેતાના કુશળ સંચાલન અને કર્ણપ્રિય ગાયક-વાદ્યવૃંદના સથવારે બે કલાક સુધી જ્ઞાતિજનો રસતરબોળ થતા રહયા બાદ ૫૫૦ થી વધુ બંધુઓએ ભોજન આનંદ લેતાં પટાંગણમાં મીની પાટોત્સવ જેવું વાતાવરણ ખડું થયું હતું. પોતાની ષષ્ઠીપૂર્તિ જ્ઞાતિ સમુદાય વચ્ચે કરવા બદલ જાગૃતિ બેનને સૌએ અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યાં હતાં.

ઉજવણીના બીજાં ચરણમાં તા. ૯/૧ના રોજ જૂનાગઢથી મહાકાળીધામ (ખડીયા)ના પગપાળા પ્રવાસનું આયોજન કરાયેલ. ૯૦ અબાલવૃધ્ધોએ ૧૨ કિ.મી.ની આ પદયાત્રામાં જોડાઇ શિયાળાની ઠંડીમાં દેશીખાણાને ન્યાય આપ્યો હતો. બંને આયોજન ટ્રસ્ટીઓના સહકાર અને સંકલનથી યાદગાર બની રહેલ.

નિવૃત્ત શિક્ષિકા જાગૃતિબેન ખારોડે પોતાની મરણમૂડી સમાજ ઉપયોગી કાર્યમાં વાપરવાની ઈચ્છા વ્યકત કરી સ્વાતંત્ર સેનાની સ્વ. વિનુભાઈ રાણા દ્વારા સ્થપાયેલ 'વૃધ્ધનિકેતન'ના નવિનીકરણ માટે રૂા. ૧૧,૧૧૧નું અનુદાન જાહેર કર્યા ઉપરાંત આગામી ૧૭ એપ્રિલના ઉજવાનાર હાટકેશ્વર પાટોત્સવનો તમામ ખર્ચ પોતે ઉપાડવાની જાહેરાત કરી જ્ઞાતિનું ઋણ અદા કર્યું.

જાગૃતિબેન જેવા પરમાર્થી વિરલાઓ જ્ઞાતિ અને સમાજ હીતાર્થેની પ્રેરક પ્રવૃત્તિઓ અને અનુદાન બદલ ધન્યવાદને પાત્ર છે.


**-- Shri Hatkesh Travels --**

7 Kailesh Park, B/h. Natraj Nagar, Uni. Road, Rajkot

Dear Sir / Madam,
Do you Travel,
If Yes,
do Travel with **Shri Hatkesh Travels,** Rajkot.
Why Us ? We Provide **Authentic e-booking** for.....
● Air Ticket Booking, ● Rail Ticket Booking *.
● All over India **Travels Bus Ticket** Booking.
●Well-Maintained **Luxurious Cars** & All A + Cars are provided with DVD players & All this with courteous staff & Very affordable Price. Available to All over India.● Hotel Booking Holiday Packages
● International Packages available
**Your Support is all we expect. Call Us, 24 X 7 on**
**Shri Hatkesh Travels, Rajkot.**
**Devarshi Pathak - 98257 10256 - 94295 78295,**
**Niraj Pathak - 98252 10278 - 97220 59991**
shrihatkeshtravels@gmail.com
* Ex. Rs. 30/- for 2nd cl. & 40/- for Higher Cl. per ticket

## અમદાવાદ ખાતે યોજાયું ૧૪મું જીવનસાથી પસંદગી સંમેલન

સમસ્ત ગુજરાત નાગર પરિષદ અમદાવાદના ઉપક્રમે પ્રતિ વર્ષ મુજબ તા. ૯/૧/૧૧ના રોજ ૧૪મા જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન થઈ ગયું. શ્રી સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક ભવન શાહીબાગ ના હોલ ખાતે યોજાયેલ આ સંમેલનમાં મોહનલાલ સુખડીયા યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી ઈન્દ્રવદન ત્રિવેદીએ અધ્યક્ષ સ્થાન તથા મધ્યપ્રદેશના દૈનિક 'નઇ દુનિયા' ના ડાયરેકટરશ્રી ઓમપ્રકાશ મહેતાએ મુખ્યમહેમાન પદ શોભાવેલ હતું. અતિથિવિશેષ તરીકે અ.ભા.ના.પરિષદ મુંબઈ શાખાના પ્રમુખશ્રી ચંપકભાઈ જોષી બીરાજેલ. વિશેષ આમંત્રિત મહેમાન તરીકે કેન્દ્રીય મંત્રીશ્રી દિનશા પટેલ ઉપસ્થિત રહેલ. આ ઉપરાંત ઉજજૈન, ભોપાલ, ખંડવા તેમજ ગુજરાતના સંસ્થા સેવકો અને મહાનુભાવો ની ઉપસ્થિતિમાં સંમેલનના ઉદઘાટન કાર્યક્રમનો મંગલ પ્રારંભ શ્રી મિહીર દેસાઈની પ્રાર્થનાથી થયા બાદ સંસ્થાના સક્રીય કાર્યકર ભાવનગરનાં શ્રીમતી મધુબેન પંડયાના હસ્તે દીપપ્રાગટય કરવામાં આવેલ. ત્યારબાદ સંસ્થાના પ્રમુખશ્રી નરેશભાઈ રાજાએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી સંસ્થાનો અહેવાલ આપી ચૌદ વર્ષથી આ સેવા બદલ સંતોષની લાગણી વ્યકત કરી, મહેમાનોનો પરિચય આપ્યો હતો. પુષ્પગુચ્છથી સૌનું સ્વાગત કરવામાં આવ્યા બાદ પ્રથમ ચરણને પૂર્ણ જાહેર કરાયું હતું.

ત્યારબાદ બીજા ચરણમાં પસંદગી સંમેલનના મુખ્ય સંયોજકશ્રી યોગેશભાઈ મહેતાએ યુવક યુવતીઓનો પરિચય આપી પરિચય પુસ્તિકા અંગેની માહિતી આપી હતી. આ સંમેલનમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, યુપી., મહારાષ્ટ્ર તથા દિલ્હી લગભગ ૫૨૫ લગ્નવાંચ્છુક ઉમેદવારોએ હાજર રહી પોતાનો પરિચય આપ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સુચારૂં સંચાલન અને ઉદઘોષક તરીકેની જવાબદારી શ્રીમતી ભારતીબેન ત્રિવેદી તથા મિહિર દેસાઈ તથા ભોપાલના શ્રી અશોક વ્યાસે સંભાળી હતી.

ચા નાસ્તા અને ભોજન તથા પુસ્તિકા વિતરણ તેમજ સમગ્ર આયોજનમાં સંસ્થાના કાર્યકરો -યુવા કાર્યકરોએ જહેમત ઉઠાવી સંમેલન સફળ બનાવ્યું હતું.

## શ્રી વડનગરા નાગર જ્ઞાતિ વ્ય. મંડળ, ભુજ

સંસ્થાના ઉપક્રમે નરસિંહ હારમાળા જયંતિના ઉપલક્ષ્યમાં હાટકેશ કોમ્પલેક્ષ ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન થઈ ગયું. પ્રારંભમાં દૈદિપ્યા શુકલ દ્વારા ગણેશસ્તુતિ રજૂ કરવામાં આવ્યા બાદ જ્ઞાતિ પ્રમુખશ્રી અતુલભાઈ મહેતાએ વકતા ડો. દર્શનાબેન ધોળકિયા તથા નિર્ણાયક શ્રી દિલીપભાઈનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નાગર મહિલા મંડળની બહેનોની ભજન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ઉત્સાહભેર બહેનોએ ભાગ લીધો હતો. આ પછી કચ્છ યુનિવર્સિટીના ગુજરાતી વિષયના વિભાગીય અધ્યક્ષા ડો. દર્શનાબેન ધોળકિયાએ નરસિંહ મહેતાના જીવનકવનને વૈષ્ણવજન તો તેને રે કહીએના કાવ્ય સાથે વણી લઈ પદોમાં વેદ ઉપનિષદોની સરળ સમજ આપતું વકતવ્ય આપ્યું હતું. સ્પર્ધાના વિજેતાઓને મહિલા મંડળનાં મંત્રી તૃપ્તિબેન વોરા, બંસરીબેન ધોળકિયા તથા ભારતીબેન છાયાના હસ્તે ઈનામો આપવામાં આવેલ. જ્યારે નિર્ણાયક તરીકે સેવા આપનાર દિલીપભાઈ ભટ્ટને ટ્રસ્ટીશ્રી ચંદ્રવદનભાઈ ધોળકિયાના હસ્તે સ્મૃતિચિન્હ આપવામાં આવેલ. અંતમાં અલ્પાહાર લઈ સૌ છૂટા પડયા હતા.

કાર્યક્રમને સફળ બનાવવામાં વ.ના. વ્ય. મંડળ, નાગર મંડળ,મહિલા મંડળ, યુથ કલબના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## ચિ. હિતાન્સુ રાષ્ટ્રીય કક્ષાએ હેન્ડબોલ સ્પર્ધામાં ભાગ લઈ આવ્યા



તાજેતરમાં પંજાબના ફાગવડ (જલંધર) ખાતે અન્ડર-૧૨ નેશનલ હેન્ડબોલ સ્પર્ધા યોજાય ગઈ. જૂનાગઢના લુપેન્દ્રભાઈ જોષીપુરાના દોહિત્ર તથા ભાવનગર સ્થિત શ્રીમતી વૈશાલીબેન સંદીપભાઈ મહેતાના પુત્ર ભાવનગરના કે.એસ.એમ. સ્પોર્ટસ કલબના ખેલાડી ચિ. હિતાન્સુ (ધો. ૬) સમગ્ર ગુજરાત રાજ્ય તરફથી પસંદગી પામી આ સ્પર્ધામાં ભાગ લેવા જઈ આવ્યા. ઉલ્લેખનીય છે કે ચિ. હિતાન્સુ ગુજરાત રાજ્યમાંથી પસંદગી પામેલ સ્પર્ધકોમાં સૌરાષ્ટ્ર કચ્છના એકમાત્ર ખેલાડી હતા.

શાબાશ જ્ઞાતિના બાળ રમતવીર...અભિનંદન સાથે શુભેચ્છા.

## શ્રી જૂનાગઢ વડનગરા નાગરી પરિવાર-જૂનાગઢ

આ સંસ્થાની છઠી વાર્ષિક સામાન્ય સભા પ્રમુખશ્રી મેધાવીનભાઈ બુચના અધ્યક્ષસ્થાને તાજેતરમાં મળી ગઈ. ભવનાથ તળેટીમાં શ્રી ભવનાથ મહાદેવ મંદિરમાં બહોળી સંખ્યામાં સભ્યોની ઉપસ્થિતીમાં પ્રીત આચાર્યની પ્રાર્થના બાદ દિવંગત સભ્યોને મૌન શ્રધ્ધાંજલિ આપ્યા બાદ ઉપ પ્રમુખશ્રી બકુલેશભાઈ આચાર્યએ વર્ષ દરમ્યાનની પ્રવૃતિઓની માહિતી આપેલ. શ્રી પ્રહલાદભાઈ ત્રિપાઠીએ ઉપજખર્ચનાં લેખાંજોખાંની માહિતી આપી હતી.પ્રવર્તમાન કારોબારીને ૨૦૧૧ માટે ચાલુ રાખવાનું પણ ઠરાવવામાં આવ્યું. શ્રી વિમલભાઈ વોરાએ નવા વર્ષમાં હાથ પર લેવાનાર પ્રોજેકટો વિશે માહિતી આપતાં જણાવેલ કે સભ્યો દ્વારા ઉદાર સખાવતોથી માત્ર પાંચ વર્ષના ટૂંકા ગાળામાં સંસ્થા ૪૦૦થી વધુ સભ્યો ધરાવે છે.અંતમાં કુ. ડીતાક્ષીબેન ઘોડાએ આભારદર્શન કરેલ.સભાનું સફળ સંચાલન મંત્રીશ્રી નીરજભાઈ વૈશ્નવે કરેલ. બેઠકના પ્રારંભમાં અલ્પાહાર-ચા તથા અંતમાં કાઠીયાવાડી ભોજનનો રસાસ્વાદ સૌએ માણ્યો હતો.

સંસ્થાના ઉપક્રમે કાયમી પ્રણાલિકા અને જ્ઞાતિજનોની માગણી મુજબ પ્રજાસત્તાક દિનના રોજ સાંજે ૬ થી ૯ દરમ્યાન 'આનંદમેળા'ની ઉજવણી કરી આનંદ સાથે મેળાની હેટ્રીક કરી.જેમાં જ્ઞાતિજનોએ પરંપરાગત દુધીયાબાજરા, હાંડવા, લસણીયા બટેટાં સાથે નવી પેઢીને પ્રિય નુડલ્સ, ભેળ, પાણીપુરી, દાબેલી જેવી વાનગીઓનો ઉમળકાભેર આસ્વાદ માણ્યો હતો. સંસ્થા તરફથી ઠંડીની મોસમમાં ટોકન દરથી મસાલેદાર ચા તથા બીસ્કીટના સ્ટોલની વ્યવસ્થાનો પણ ભરપૂર લાભ લીધેલ. સંસ્થાના મંત્રીશ્રી નીરજભાઈ વૈશ્નવના સફળ સંચાલનમાં પ્રમુખશ્રી સહીત સમગ્ર કારોબારી સભ્યોની જહેમતથી આયોજન સફળતાને વરેલ.

## રાષ્ટ્રીય તરણ સ્પર્ધામાં પ્રતિનિધીત્વ કરતાં ચિ. શ્રીયા



મોરબી અને રાજકોટની એન્જીનીયરીંગ કોલેજના પ્રોફેસર દંપતી ઉદય છાયા અને અમી છાયાનાં પુત્રી કુ. શ્રીયાએ તાજેતરમાં તાજેતરમાં સોલાપુર-મહારાષ્ટ્ર ખાતે યોજાયેલ રાષ્ટ્રીય તરણ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધીત્વ કરી નાની વયે કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે.

આ અગાઉ અમદાવાદ અને રાજકોટ ખાતે યોજાયેલ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ૧૨ વર્ષથી નીચેની કન્યાના વર્ગમાં ૧૦૦ મી. બેકસ્ટ્રોકમાં પ્રથમ, ૨૦૦ મી. મિડલેમાં તૃતીય સ્થાન મેળવેલ. તાજેતરમાં યોજાયેલ 'મહાકુંભ'ની જીલ્લા કક્ષાની સ્પર્ધામાં ૫૦ અને ૧૦૦ મી. બેકસ્ટ્રોકમાં પ્રથમ સ્થાન મેળવેલ છે.

કુ. શ્રીયા જાણીતા તબીબ ડો. કુમુદચંદ્ર છાયા તથા સૌ. સ્મિતાબેનનાં પૌત્રી અને પ્રો. ડો. જ્યોતિષભાઈ માંકડ તથા સૌ. હેમાંગિનીબેનનાં દોહિત્રી થાય છે.

# ● ● ● ● સમાચાર સંચય ● ● ● ●

◎ **રાજકોટ :** અત્રેના સ્વ. મગનલાલ ગુલાબરાય ધોળકિયા પરિવારના વડોદરા સ્થિત મુ. વત્સલાબેન રણજીતભાઈ ધોળકિયા, ભ્રગુલતા પ્રદ્યુમ્નભાઈ ધોળકિયા, હીર્ણા કેતન ઓઝા, રાજકોટ સ્થિત મહેશ તથા વિરેન શાં. ધોળકિયા, દિપીકા કિરણભાઈ છાયા, હીતેક્ષા કિરણ બુચ, સિકકા સ્થિત યક્ષેન્દ્ર જીતેન્દ્રરાય ઓઝા દંપતી,અમદાવાદ સ્થિત પીયુષ શાં. ધોળકિયા, મુંબઈ સ્થિત અરૂણાબેન વિભાકર ધોળકિયાના સપરિવાર કુલ ૩૬ સભ્યો દીપાવલિ પર્વ દરમ્યાન ૧૦ દિવસ હરદ્વાર, ઋષિકેશ, મસુરી વગેરે સ્થળોના પ્રવાસે જઈ આવ્યા.પ્રવાસની આયોજન વ્યવસ્થા અમદાવાદ સ્થિત પીયુષ ધોળકિયાએ તથા નિવાસ અને દરરોજ વિવિધ નાસ્તા-ભોજન વગેરેની સમગ્ર જવાબદારી હિતેષ પીયુષ ધોળકિયાએ સંભાળી પ્રવાસને આનંદમય અને સુખદ સંભારણું બનાવેલ.આજે કુટુંબમાં ઐકયની ભાવના લુપ્ત થતી જાય છે, ત્યારે મગનભાઈ ધોળકિયાના બહોળા પરિવારના ગામેગામના સભ્યોનો આ પ્રવાસ કુટુંબમેળા સમાન પ્રેરક બની રહેલ.

◎ અત્રેના શ્રી મૌલેશ ગજેન્દ્રરાય બક્ષીના પુત્ર રક્ષિત બક્ષી રાજકોટ સહકારી ડેરી(અમુલ ગ્રુપ)માં એકઝીકયુટીવ તરીકે જોડાયા.

◎ અત્રેના શ્રી જયેશ કૌશિકરાય બુચના પુત્ર દિવ્ય બુચ રાજકોટ સહકારી ડેરી(અમુલ ગ્રુપ)માં જુનીયર એકઝીકયુટીવ તરીકે જોડાયા.

◎ કુ. પંકિત ભરતભાઈ વૈશ્નવ સી.એ. એન્ટ્રન્સ-સીપીટી-પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થયા.

◎ પ્રતિત દુર્ગેશ વૈશ્નવ એકસીસ બેંકમાં જામખંભાળીયા ખાતે આસી. મેનેજર તરીકે જોડાયા.

◎ ઉર્વિ રાજેશભાઈ પોટાએ તાજેતરમાં યોજાયેલ મહાકુંભ રમતોત્સવ અંતર્ગત યોજાયેલ વિધ્નદોડમાં બીજું સ્થાન મેળવી સિલ્વર મેડલ મેળવ્યો.

◎ ભાર્ગવ દિપકભાઈ માંકડ બી.ઇ.(આઇસી) સેમે.૭માં ૭૪% સાથે ઉત્તીર્ણ થયા.

◎ અ.ભા.ના.પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે દીપાવલિ પર્વ દરમ્યાન યોજાયેલ વાનગી સ્પર્ધાના ફરસાણ વિભાગમાં શ્રીમતી વિભૂતી નિલાંગભાઈ દેસાઈએ પંચદાળ વેજ કોન ઢોકળાં બનાવી પ્રથમ સ્થાન મેળવ્યું.

◎ અત્રેના શ્રી પ્રકાશભાઈ પ્રદ્યુમ્નરાય વૈશ્નવે યુએસએ સ્થિત તેમના પુત્રોને ત્યાં તાજેતરમાં ૬ માસનો પ્રવાસ ખેડી ત્યાંની યુનિવર્સિટીઓમાં તેમજ દેશની યુનિ.માં એડમિશન,પરદેશ જવા સંબંધીત તથા અન્ય જાણકારીનો બહોળો અભ્યાસ કરી રાજકોટ ખાતે તા. ૬/૨/૧૧ના રોજ 'સ્કોલર્સ કેરિઅર કન્સલટન્સી'નો કેએમકે ઇન્સ્ટીટયુટના સંચાલક 'શ્રી કશ્યપ ધોળકિયાના હસ્તે ઉદ્‌ઘાટન કરી મંગલ પ્રારંભ કર્યો. જેમાં બહોળી સંખ્યામાં શિક્ષણકારો, સ્નેહીઓ, શુભેચ્છકો,જ્ઞાતિજનો ઉપસ્થિત રહયા હતા.

◎ અત્રેના આદિત હિમાંશુ વૈદ્ય બેંગલોર ખાતે ICICI બેંકમાં પ્રોબેશનરી ઓફીસર તરીકે જોડાયા.

◎ તા. ૨/૩/૧૧ મહાશિવરાત્રીના રોજ નાગર બોર્ડિંગ મહાદેવ ખાતે સવારે ૯ થી ૧૧ લઘુરુદ્રનું આયોજન કરવામાં આવેલ છે. યજમાન તરીકે બેસવા ઈચ્છુકોએ શ્રી મધુકરભાઈ વૈશ્નવ ફોન : ૨૪૫૩૮૧૦નો સંપર્ક કરવો.

◎ અત્રેનાં કુ. નિષ્ઠા અંશુમાલીભાઇ દેસાઈ હાર્મોનિયમ વાદનની શાસ્ત્રીય સંગીતની પ્રવેશિકા પ્રથમ પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયાં.

◎ શ્રીમતી દર્શનાબેન અંશુમાલીભાઇ દેસાઈએ ગત માસમાં શ્રી રામકૃષ્ણ આશ્રમ તથા ધોળકિયા સ્કૂલમાં યોજાયેલ બાળગીત તથા વાર્તા કથન સ્પર્ધામાં દરવર્ષ મુજબ નિર્ણાયક તરીકે સેવા આપી.

◎ અત્રેનાં ચિ. હેતાંગી મેહૂલ વૈશ્નવ રાજકોટ બાલભવન તરફથી યોજાયેલ રાસગરબાનાં ચુનંદા કલાકારોની ટૂકડીમાં પસંદગી પામી દમણ ખાતે કેમ્પમાં જોડાયાં. આકાશવાણીના માન્ય બાળકલાકાર તરીકે તા. ૧૬/૨ના રોજ 'એનઘેન દીવાઘેન'કાર્યક્રમમાં 'ગણિતને ગમતું કરીએ' વિશે વાર્તાલાપ રજૂ કર્યો હતો.

◎ હાટકેશ સંસ્કાર મંડળ તરફથી ડો. અંતાણીના નિવાસસ્થાન (મિલન સોસા.) ખાતે તા. ૨ માર્ચના રોજ રાત્રે ૯થી ૧૦ શિવ મહિમ્ન સ્તોત્ર પઠન રાખવામાં આવેલ છે.

◎ **યુ.એસ.એ. :** સાઉથ કેલીફોર્નિયા નાગર એસો.ની નવી કારોબારીની રચના કરવામાં આવી. જેમાં સર્વશ્રી યજ્ઞેશ ધોળકિયા-પ્રમુખ,અચલ દવે તથા જય ધોળકિયા ઉપપ્રમુખ, કુશ બુચ-મંત્રી, વૈશાલી મહેતા-ખજાનચી,નિત્યા ધોળકિયા, દેશના મજમુદાર,સર્જક મહેતા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, લવ બુચ, સારંગ મજમુદાર રમતગમત, વેબસાઇટ અને ફેસબુકમાં ચિરાગ દવે અનુ આરોહ માંકડની વરણી કરવામાં આવી.તા. ૧૫ જાન્યુઆરીના રોજ નવનિયુકત કારોબારી સભ્યોની જહેમતથી સેન્ડીગોબે પાર્કમાં ૪૦ જેટલા જ્ઞાતિબંધુઓએ પતંગોત્સવ માણ્યા બાદ ઉંધીયા,પુરી,જલેબીના પરંપરાગત ભારતીય ભોજનનો આસ્વાદ માણી સૌ છૂટા પડેલ.

◎ **બાંસવાડા :** અત્રેના અમદાવાદ ખાતે ગેટવે ટેકનોલેબ્સ કંપનીમાં એન્જીનીયર તરીકે ફરજ બ જિગર ભૂપેન્દ્રભાઈ ધોળકિયા કંપનીના પ્રોજેકટ અર્થે યુરોપ જવા રવાના થયા.

◎ **જૂનાગઢ :** હર્ષિત ડી. જોષીપુરા અને શ્રીમતી રીટા જોષીપુરાનાં પુત્રી કુ. નૈયા સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત 'વાંચે ગુજરાત' કવીઝમાં જીલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવી યુનિ. કક્ષાએ ભાગ લેવા જશે.

◎ કુ. રચના ઉજાસ વસાવડાએ ઇટીવી ગુજરાતી ઉપરથી પ્રસારિત 'સવાલ એક લાખનો' કાર્યક્રમમાં ભાગ લઈ હોટ સીટ ઉપર આવી રૂા. ૧૦ હજારનું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું.

◎ તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલ ઝોનલ કક્ષાની બાળપ્રતિભા શોધ સ્પર્ધામાં વકૃત્વ વિભાગમાં અત્રેના ચિ. ભવન તપન જીકાર (ધો.૪)એ પ્રથમ સ્થાન મેળવી સૌરાષ્ટ્રમાં જ્ઞાતિનું ગૌરવ વધાર્યું.

◎ **અમદાવાદ :** ઈ-ઈન્ફોચીપ્સ કંપનીમાં ફરજ બજાવતા શ્રી નિશીથ હરિક્ષિત શુકલ તાજેતરમાં કંપની તરફથી ઈઝરાયલ અને જર્મનીના પ્રવાસે જઈને પરત આવ્યા બાદ તા. ૫/૨ના રોજ કંપની તરફથી એક વર્ષના પ્રોજેકટ અર્થે યુએસએ. જવા રવાના થયા.

◎ હિરવા શુકલ બી.એડ.માં ૭૨% સાથે ઉત્તીર્ણ થયાં.

◎ આર્થિક રીતે ગરીબ બાળકોને સને ૨૦૦૫થી વિનામૂલ્યે શિક્ષણ આપવાના સેવાયજ્ઞમાં રત દંપતી શ્રી દિલીપભાઈ પ્રતાપરાય બુચ અને શ્રીમતી મંજરીબેન દિ. બુચને અત્રેના આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજ્યના ગવર્નરના હસ્તે સન્માનપત્ર તથા રૂા. ૫૦૦૦/-નો રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યાં.

◎ અત્રેના શ્રી ધ્રુવકુમારભાઈ બક્ષી લખી જણાવે છે કે તાજેતરમાં અમે વડનગરના હાટકેશ્વર મહાદેવના દર્શનાર્થે જતાં ત્યાંના પૂજારીઓ વચ્ચેનો ગજગ્રાહ તથા મુલાકાતીઓ સાથે અભદ્ર વર્તનનો પ્રત્યક્ષ અનુભવ કરતાં વડનગરના પી.આઇ.શ્રી વાઘેલા સાહેબને ફરીયાદ કરતાં તેઓએ પૂજારીઓને સમજાવેલ કે ભવિષ્યમાં ફરીયાદ મળશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને આ માટે જ્ઞાતિજનોને તેમના મો. નં. ૯૭૨૨૯૮૪૬૨ નોંધી લેવા જણાવેલ છે.

◎ **વડોદરા :** વત્સલ જયંતભાઈ માંકડ સી.એ. ફાઇનલમાં ઉત્તીર્ણ થયા.

◎ શ્રી પ્રસન્નકુમાર નાણાવટી(બચુભાઈ) પરિવાર તરફથી અત્રેની હોટલ સયાજી હોટલ ખાતે સ્વ. ગીરધરભાઈ ધોળકિયાના વડોદરા સ્થિત પરિવાર મિલન તેમજ શ્રી બકુભાઈ અને શ્રીમતી યોગીનીબેન વૈશ્નવને સન્માનવાનો સમારોહ યોજાય ગયો. શ્રી બચુભાઈ, શ્રી રાજીવ નાણાવટી તથા ડો. વિપુલ વૈશ્નવે બકુભાઈ પરિવારની નિસ્વાર્થ સેવાભાવનાને બિરદાવેલ.વર્તમાન યુગમાં ઓસરતી જતી કૌટુંબિક ભાવના આવા કુટુંબમેળા ઉજાગર રાખી રહયા છે.

◎ **ભુજ :** અત્રેના હિતાર્થ અર્ચન રમેશભાઈ રાણાને યજ્ઞોપવિત સંસ્કાર અપાયા.

◎ **ભાવનગર :** આકાશવાણી રાજકોટ કેન્દ્ર દ્વારા પ્રત્યેક બુધવારે 'રત્નકણિકા'કાર્યક્રમમાં અત્રેના જયેશભાઈ અંતાણી લિખિત ચિંતનાત્મક આલેખો સારતત્વ,આશકતા,અનાશકત અને પ્રજાસત્તાક પ્રસારીત થયા.

◎ તાજેતરમાં અત્રે યોજાય ગયેલ ભાગવતાચાર્યશ્રી રમેશભાઈ ઓઝાની કથા દરમ્યાન અત્યાર સુધી ૧૦૩ વખત સ્વૈચ્છિક રકતદાન કરનાર રેલ્વેના શ્રી જયેશ અંતાણીનું પૂ. ભાઈશ્રીના વરદ્ હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું.

◎ અમરેલી ખાતે ડો. જે. એન. મહેતા પોલીટેનીક કોલેજના વ્યાખ્યાતા સાગર હરીશભાઈ વોરાએ તા. ૧૭/૧ થી ૨૧/૧ સુધી જયપુર ખાતે યોજાયેલ ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં હાજરી આપીને 'રીન્યુએબલ એનર્જી' પરનો પેપર પસંદ થતાં તે રજૂ કરેલ.

◎ ઈ ટીવી ગુજરાતી ચેનલ દ્વારા પ્રસારીત 'પરફેકટ વુમન' કાર્યક્રમમાં અત્રેના શ્રીમતી અંજની એસ. બુચ,શ્રીમતી પ્રાપ્તિ આર. બુચ,શ્રીમતી પ્રસિધ્ધી કે. બુચ તથા શ્રીમતી લીના એમ. બુચે ભાગ લીધેલ. જેમાં શ્રીમતી પ્રસિધ્ધી બુચ તથા શ્રીમતી લીના બુચ 'પરફેકટ વુમન' જાહેર થયેલ.

◎ અત્રેના ગાંધીનગર ખાતે ટી.સી.એસ. કંપનીમાં ફરજ બજાવી રહેલ શ્રીમતી ભાવનાબેન તથા બદ્રિકેશ અશ્વિનિકુમાર બુચના પુત્ર યાત્રિક બુચ કંપની તરફથી પ્રોજેકટ અર્થે પસંદગી પામી સીઓલ-સાઉથ કોરીયા જવા રવાના થયા.

◎ અત્રે બેંક ઓફ ઈન્ડિયાની સૌરાષ્ટ્ર કચ્છની શાખાઓના પ્રથિનિધિઓનું ૪૭મું સંમેલન યોજાય ગયું.જેમાં ચાર દાયકાથી સંગઠનની પ્રવૃત્તિ સાથે સક્રીય રીતે સંકળાયેલા ભાવનગર બીઓઆઇ મુખ્ય શાખાના સ્પે. આસી. શ્રી બદ્રિકેશ અશ્વિનિકુમાર બુચની સતત પાંચમી ટર્મ માટે સૌરાષ્ટ્ર કચ્છ યુનિયનના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે.

◎ **મુંબઈ :** અત્રેના શ્રીમતી વર્ષાબેન તથા શ્રી અવિનાશભાઈ મહેતાના પુત્ર મંદીપ કેપ જૈમિની સોજેટીના પ્રોજેકટ અર્થે નેધરલેન્ડ/સ્વીત્ઝરલેન્ડ જઈ આવ્યા.

◎ ઈઅત્રેના શ્રી કિરીટ વૈશ્નવ અને શ્રીમતી પ્રેમાલી વૈશ્નવ થાઇલેન્ડ, મલેશીયા,સીંગાપોરના પ્રવાસે જઈ આવ્યા. કિરીટ વૈશ્નવનો ૬૦મો જન્મદિન બેંગકોકમાં ઉજવ્યો.

---

**નોંધ લેશો :** બરછીની વેબસાઇટ ઉપરથી હવેથી ગમે તે સાઇટ 'સર્ચ' પણ કરી શકો છો. 'બરછી'ની વેબસાઇટ www.barchhi.comની વ્યુઅરશીપ વધી રહેલ છે ત્યારે જ્ઞાતિના વ્યાવસાયિક બંધુઓને બહોળી પ્રસિદ્ધિ દ્વારા પોતાના ધંધા-વ્યવસાયના વિકાસાર્થે જાહેરાત-એડ્સ- આપવા આમંત્રણ છે. આપના ધંધાનો વિસ્તાર - બરછી સાઇટનો વિકાસ. દેશ કે પરદેશમાં પણ ઘેર બેઠાં ઓનલાઇન બરછી વાંચવા આપ ગમે તે માસથી લવાજમ ભરી શકો છો. સંપર્ક : અંકૂર મો. ૯૭૨૫૦૭૬૧૨૧

## પી.એચડી.ની પદવી મેળવતાં અદિતી ઓઝા



ભાવનગરના વતની વડોદરા સ્થિત શ્રીમતી આદિતી મેહૂલ ઓઝા-બક્ષીએ ક્રાયોજેનિક એન્જીનીયરીંગમાં 'લીકવીડ ગેસનાં વહન કરતાં સાધનોમાં ઉત્પન્ન થતાં જોખમો ઉપર ગહન સંશોધન કરી, ભારતની ખ્યાતનામ સંસ્થા IIT ખડગપુર માંથી પી.એચડી.ની પદવી પ્રાપ્ત કરી છે. શ્રીમતી આદિતીએ તેમનું શાળકીય શિક્ષણ જમશેદપુરમાં મેળવી વર્ષ ૨૦૦૩માં વલ્લભવિદ્યાનગરની બીરલા વિશ્વકર્મા એન્જી. કોલેજમાંથી મીકેનીકલ એન્જીનીયર થયા બાદ ૨૦૦૫માં અમદાવાદની એલ.ડી. એન્જી. કોલેજમાં થી ક્રાયોજેનિક એન્જીનીયરીંગમાં માસ્ટર ડીગ્રી મેળવી મહેસાણાની ગણપત એન્જી. કોલેજમાં લેકચરર તરીકે જોડાયાં. વર્ષ ૨૦૦૬માં IIT ખડગપુર માં રીસર્ચ સ્કોલર તરીકે જોડાઇને તાજેતરમાં જાન્યુઆરી -૧૧માં પી.એચડી.ની સિદ્ધિ મેળવી. તેઓએ અભ્યાસકાળ દરમ્યાન ૨૦૦૮માં ઓસ્ટ્રેલીયાના બ્રીસબેન યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય ક્રાયોજેનિક કોન્ફરન્સમાં પેપર રજૂ કરવા, ઉપરાંત આ જ વર્ષમાં AIIGMA ની કોનાર્કમાં યોજાયેલ એન્યુઅલ કોન્ફરન્સમાં 'બેસ્ટ પેપર પ્રેઝન્ટેશન' માટેનો એવોર્ડ તથા રૂા. ૨૫૦૦૦/- નો રોકડ પુરસ્કાર મેળવેલ. અત્રે વિશેષ ઉલ્લેખનીય છે કે ક્રાયોજેનિક એન્જીનીયરીંગ વિષયમાં ડોકટરેટની પદવી મેળવનાર ભારતમાં પ્રથમ મહિલા અને ગુજરાતમાં પ્રથમ વ્યકિત હોઈ શકે.

તેઓ શ્રીમતી વંદિતાબેન અને શ્રી કિરીટ પ્રફુલ્લચંદ્ર ઓઝાનાં પુત્રી અને ડો. શ્રીમતી રશ્મીબેન અને બિધીનભાઈ બક્ષીનાં પુત્રવધૂ થાય.

આવાં પ્રતિભા સંપન્ન આદિતી ઓઝા-બક્ષીએ બન્ને કુટુંબ સાથે જ્ઞાતિને પણ ગૌરવ બક્ષેલ છે.. અભિનંદન સહ સંસાર અને અભ્યાસના સમન્વય સાથે ગતિ-પ્રગતિ કરતાં રહો તેવી શુભકામના પાઠવીએ.

## ---------- પ્રભુતામાં પગલાં ----------

❋ અમદાવાદ સ્થિત પ્રકાશચંદ્ર ઉષાકાંતભાઈ (વામનભાઇ) વૈશ્નવનાં પુત્રી દર્શિતાનાં લગ્ન અમદાવાદ સ્થિત નિમીષભાઈ હરકાંતભાઈ દેસાઈના પુત્ર મિહીર સાથે.

❋ રાજકોટ સ્થિત અશોક જ્યોતિષભાઈ ઝાલાના લગ્ન જૂનાગઢ સ્થિત પૂજા ભરતભાઈ વૈશ્નવ સાથે.

❋ રાજકોટ સ્થિત મહેશ પ્રહલાદરાય માંકડના પુત્ર હર્ષલના લગ્ન રાજકોટ સ્થિત દિગેશ કૌશિકભાઈ માંકડનાં પુત્રી કાનન સાથે.

❋ ભાવનગર સ્થિત ડો. અતુલ એમ. વસાવડાનાં પુત્રી પલકનાં લગ્ન વાપી નિવાસી અશોક બી. દેસાઈના પુત્ર આનંદ સાથે.

❋ જામનગર સ્થિત ઉન્નતી અંબરીષભાઈ માંકડનાં લગ્ન રાજકોટ સ્થિત આનંદ મુકેશભાઈ બુચ સાથે.

❋ ભુજના ભાસ્કરરામ અંતાણીનાં પુત્રી કરીશ્માના લગ્ન આદિપુરના શરદભાઇ ઝાલાના પુત્ર સંકેત સાથે.

❋ જૂનાગઢ સ્થિત હરીશભાઈ ઓઝાનાં પુત્રી પૂજાનાં લગ્ન જામનગર સ્થિત મધુકરભાઈ માંકડના પુત્ર દર્શન સાથે.

❋ મુંબઈ સ્થિત સ્વીકાર ભદ્રાયુભાઇ વૈશ્નવના લગ્ન મુંબઈ સ્થિત કૃપા મુકુલભાઈ અંજારીયા સાથે. તેઓ ABM TRAVELS દ્વારા માલદીવ-શ્રીલંકાના પ્રવાસે જઈ આવ્યા.

**તા. ૧૦ માર્ચથી શરૂ થઈ રહેલ ધો. ૧૦ અને ૧૨ના પરીક્ષાર્થી વિદ્યાર્થી મિત્રોને જ્ઞાતિ વતી 'બરછી પરિવાર' શુભેચ્છા પાઠવે છે.**

## પિતાશ્રીને ૧૫મી પૂણ્યતિથિએ શ્રધ્ધાસુમન

દુ:ખમાં વિતાવી બાલ્યાવસ્થા-
વિના માતૃપ્રેમ, અમોને આપ્યું અપાર સુખ...
શીખ લીધી પિતાશ્રી પાસેથી-
નીતિ, પ્રમાણિકતા, વફાદારી, ખૂમારી, કરકસર, નિયમીતતા, સહનશીલતા, ખેલદિલી, વિશ્વાસથી જીવન જીવવાની. એજ શીખ અર્પણ કરી લોહીમાં વારસો સંતાનોને સ્તબ્ધ કરી નાગર જ્ઞાતિને દર્શાવી ઉત્કૃષ્ટ/અતૂટ ભ્રાતૃપ્રેમ.
લઈને અંતિમ વિદાય તા. ૨૬-૦૨-૯૬ સોમવારના દિને એકાએક કરીને ચક્ષુ/ દેહદાન.
માંગીએ છીએ પરમ કૃપાળુ ઈશ્વર પાસે
મળજો પિતાશ્રી તરીકે આપ જ જન્મોજન્મ/ ભવોભવ...

**એન. યુ. ધોળકિયા-વડોદરા**

---

## ...ના કશું

ખ્વાબ છે કે ખેલ છે, સમજાય ના કશું,
આપણી વચ્ચે સંબંધ, કહેવાય ના કશું.
જળ ભરેલી વાદળી, મૃગજળ બની ગઈ,
ખેર ! થવાનું થયું, પૂછાય ના કશું.
વેદના તારા જવાની છે અસહય કિન્તુ,
છે નવાઈ પાંપણે છલકાય ના કશું.
છાતી ફાડી નીકળી હમણાં જશે હ્રદય,
શ્વાસ તૂટતા જાય છે, સહેવાય ના કશું.
આમ જો કે છે જીવન કિતાબ ખુલ્લી પણ-
ફાટી પાનાઓ ગયાં વંચાય ના કશું.
એટલે તો મૌનથી ફાવી ગયું મને,
ઓગળી શબ્દો ગયા, બોલાય ના કશું.
સ્તબ્ધ છે વાતાવરણ ને સૃષ્ટિ પણ બધિર,
શોર ચારેકોર પણ, પડઘાય ના કશું.

**- કિંજલ્ક વૈદ્ય, અમદાવાદ.**

## અનંતના યાત્રીઓ :

-- હરિભાઈ આણંદલાલ માંકડનું વલ્લભ વિદ્યાનગર ખાતે અવસાન. -- અમેરીકા સ્થિત દેવ્યાનીબેન હરીશભાઈ બુચનું ૬૫ વર્ષની વયે રાજકોટ ખાતે આવસાન. -- જૂનાગઢનાં ગં. સ્વ. સાવિત્રીબેન અવાશિયાનું અવસાન. -- હરિકાન્ત વિશ્નુલાલ વૈશ્નવનું જૂનાગઢ ખાતે અવસાન. -- શ્રી રોહીતભાઈ ઈન્દુભાઇ ધોળકિયાનું ૬૩ વર્ષની વયે ભુજ ખાતે. -- વિરમતીબેન વિનોદચંદ્ર અંજારીયાનું ૮૨ વર્ષની વયે ભુજ ખાતે. -- જૂનાગઢના યોગેન્દ્રરાય એન. કિકાણીનું સુરેન્દ્રનગર ખાતે. -- પ્રેમસુખરાય અનંતરાય છાયાનું ૮૩ વર્ષની વયે ભાવનગર ખાતે. -- મુંબઈના રશ્મિકાન્ત વછરાજાનીનું વડોદરા ખાતે.

---

## મધુપ્રમેહ

**મ** = મધુરામીઠા પદાર્થો ત્યજો
**ધુ** = ધુરંધર બનો(મટાડવાની) ધુણી ધખાવો
**પ્ર** = પ્રમાદ (આળસ) છોડો ને ચાલો
**મે** = મેથી ફાકો
**હ** = હળતા મળતા, હસતા-હસાવતા રહો,
હરો ફરો હવામાં હલન ચલન કરતા રહો.

**વજન ઘટાડવું છે ?**

વજન શબ્દનો અર્થ થાય છે...
વ = વધારે, જ = જમવું ન = નહીં

ડો. રાજેન્દ્ર હાથી, વડોદરા.

---

## જીંદગી

કયારેક હસાવે ને, કયારેક રડાવે છે જીંદગી,
આશા નિરાશા વચ્ચે, જીવાડે છે જીંદગી,
વસંત પછી પાનખર, થાયે છે જીંદગી,
સાચું કહું 'ભાવના', આમ તો વેડફાય છે જીંદગી.

- ભાવના બુચ (બક્ષી) રાજકોટ.